
पु•ना International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VI

# GUJARATI

# Assighment

# Year- 2020-21



# ગુજરાતી

## ધોરણ 6

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)




Scanned with CamScanner

| ક્રમ | પ્રથમ સત્ર | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 8 | પત્ર લખવાની મજા ! | 4 |
| 9 | હું તો પૂછું | 6 |
| 10 | મૂરખના સરદારો | 9 |

# 8. પત્ર લખવાની મજા

## શબ્દાર્થ

1) વહાલ - પ્રેમ
2) પરિવાર - કુટુંબ
3) વિવેક - આદર
4) સ્પષ્ટ - સાફ
5) ઓર - અસાધારણ

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) અશોકભાઇ બાળકોને કેવી રીતે શીખવે છે?
જ) અશોકભાઇ બાળકોને પ્રેમથી, હસતા – હસાવતા શીખવે છે.

2) દિવાળીમાં શું ખાઇને મોજ કરવાની છે?
જ) દિવાળીમાં મીઠાઇ ખાઇને મોજ કરવાની છે?.

3) વડીલને ક્યા શબ્દથી સંબોધન થાય છે?
જ) વડીલને ‘પૂજ્ય’ કે ‘આદરણીય’ શબ્દથી સંબોધન થાય છે.

4) પત્રના અંતે શું લખાય છે?
જ) પત્રના અંતે વિદાયવચન લખાય છે જેમ કે, ‘લિ. સ્નેહાધીન મયુરના નમસ્કાર.

### નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1) પત્રલેખનમાં શી શી કાળજી લેવી જોઇએ?
જ) પત્રલેખનમાં નીચે મુજબની કાળજી લેવી જોઇએ.
1. પત્ર લખનારે પોતાના નામ,સરનામું તથા તારીખ પત્રના મથાળે જમણી બાજુ લખવા જોઇએ.

2. જેમને પત્ર લખતા હોઇએ તેમને યોગ્ય સંબોધન આપવું જોઇએ.

3. પત્રમાં પોતાના વિચારોને સ્પષ્ટ અને સરળ રીતે રજૂ કરવા જોઇએ.

4. પત્ર સુંદર અક્ષરે લખવો જોઇએ.

5. લેખનમાં ભાષાકીય ભૂલો ન થવી જોઇએ.

6. પત્ર મોકલવાના પરબીડિયાકે કવર પર પત્ર મેળવનારનું પૂરૂં નામ, સરનામું અને પિંકોડ નંબર લખવા જોઇએ.

<u>વ્યાકરણ</u>

## નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો

| | | |
|---|---|---|
| ટપાલી | : | ટપાલી સાઇકલ પર આવે છે. તે ટપાલ લાવે છે. |
| કમ્પ્યૂટર | : | કમ્પ્યૂટર વિજ્ઞાનની મહાન શોધ છે તેનાથી કામો જલદી થાય છે. |
| મોબાઇલ | : | મોબાઇલ સંદેશો મોકલવા કે મેળવવાં માટેનું ઉત્તમ સાધન છે. તે ઉપયોગી છે |
| ટપાલપેટી | : | ટપાલપેટીમાં લોકો પત્રો નાખે છે. તે દરરોજ ખોલવામાં આવે છે. |
| કબૂતર | : | કબૂતર શાંતિ પ્રિય પક્ષી છે. તે પોતાની દિશા ભૂલતું નથી. |

## નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વગશિર્ક્ષક | = | વર્ગશિક્ષક | 2) | નીશાળ | = | નિશાળ |
| 3) | દીવાળી | = | દિવાળી | 4) | પુજ્ય | = | પૂજ્ય |

# 9. હું તો પૂછું

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | જડી | = | સજ્જડ બેસાડી |
| 2) | ટીલડી | = | નાનો ચાંલ્લો |
| 3) | મીંદડી | = | બિલાડી |
| 4) | માંજરી | = | ભૂરી કીકીવાળી |
| 5) | આંબલો | = | આંબો |
| 6) | કૂંપળો | = | નવા ફૂટેલાં પાન |
| 7) | ગાવડી | = | ગાય |
| 8) | દિશ | = | દિશા |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) મોરલાની પીંછીંમાંશું જડેલું છે?

જ) મોરલાની પીંછીમાં રંગબેરંગી ટીલડી જડેલી છે.

2) કવિનો હાથ ક્યાં પહોચતો નથી?

જ) કવિનો હાથ આંબાની ટોચે પહોચતો નથી.

3) ચાંદાની થાળીમાં કોની ઝૂંપડી મઢેલી છે?

જ) ચાંદાની થાળીમાં બકરી અને ડોસીની ઝૂંપડી મઢેલી છે.

4) કવિ આંખ વિશે શું વિચારે છે?

જ) કવિ આંખ વિશે વિચારે છે કે પોપચાંમાં મઢેલી અને દશેય દિશામાંદેખતી મારી આંખ કોણે કરી હશે ?

5) કવિ આભલાની ચૂંદડી કોને કહે છે?

જ) કવિ નવ લખ તારાથી મઢેલા આભને આભલાની ચૂંદડી કહે છે.

## <u>વ્યાકરણ</u>

### નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | પેન્સિલ | = | પેન્સિલથી લખવાની મજા આવે છે. |
| 2) | રબર | = | પેન્સિલ સાથે રબર રાખવુ જ પડે. |
| 3) | ગાય | = | ગાય આપણી માતા સમાન છે. |
| 4) | સૂરજ | = | સૂરજ ગરમી આપે છે. |
| 5) | ઝાડ | = | ઝાડ શીતળ છાયા આપે છે. |

### નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મિંદડી | = | બિલાડી | 2) | ગાવડી | = | ગાય |
| 3) | આભ | = | આકાશ | 4) | જડી | = | મળી |

### નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

**1)** નવલખ , આભ , ચૂંદડી , કીકી.

આભ , કીકી , ચૂંદડી , નવલખ

# 10. મૂરખના સરદારો

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ચતુર | = | હોશિયાર |
| 2) | નામદાર | = | માનનીય |
| 3) | મહેલત | = | મુદત |
| 4) | કસૂર | = | વાંક |
| 5) | ગુમાન | = | અભિમાન |
| 6) | અપમાન | = | તિરસ્કાર |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) બીરબલના મતે મૂર્ખાઓને શી રીતે ઓળખી શકાય?

જ) બીરબલના મતે મૂર્ખાઓને એમના બોલવા – ચાલવા પરથી ઓળખી શકાય.

2) બાદશાહે બીરબલને ક્યું કામ સોપ્યું?

જ) બાદશાહે બીરબલને એક અઠવાડિયાની અંદર છ મૂરખાને શોધી દરબારમાં હાજર કરવાનું કામ સોપ્યુ.

3) મૂરખ બે હાથનું માપ કોને બતાવવા જતો હતો?

જ) મૂરખ બે હાથનુ માપ કબાટ બનાવવા માટે શુથારને બતાવવા જતો હતો.

4) બીરબલે અકબર બાદશાહને શાથી મૂરખ કહ્યા?

જ) બીરબલે અકબર બાદશાહને મૂરખ કહ્યા, કારણ કે અકબરે રાજકાજનાં ને બીજાં અનેક સારાં કામો પડતાં મૂકી મૂરખાઓને શોધવાનો હુકમ કર્યો હતો.

## નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.

1) ઘોડેસવાર કઇ રીતે મૂરખ હતો?

જ) ઘોડેસવાર માથા પર ઘાસનો ભારો લઇને જતો હતો. તેના કહેવા પ્રમાણે તેનો ઘોડો ખૂબ નબળો હતો. ઘાસનો ભારો એના પર મૂકે તો એ બિચારો મરી જાય ! એ મૂરખ હતો કારણા કે તેને એટલી સમજ ન હતી કે ઘાસના ભારાનું વજન પણ તેના વજન સાથે ઘોડાએ જ ઊંચકવું પડે !.

2) કાદવમાં પડેલા માણસની શી મૂર્ખાઇ હતી?

જ) કાદવમાં પડેલો માણસ બે હાથ પહોળા કરીને કાદવમાં પડ્યો હતો. એ એની મેળે બેઠો થઇ શકે તેમ હતું, છતા એ બેઠા થવાનો પ્રયત્ન નહોતો કરતો. તેના પહોળા હાથ તેના જૂના કબાટનું માપ હતું. એ મૂરખ હતો કારણ કે તેને એટલી સમજ ન હતી કે બે હાથ પહોળા રાખવાથી કબાટની સાચી પહોળાઇ જાણી શકાય નહિ !.

3) સોનાની વીંટીવાળો અને હીરાની વીંટીવાળો આ બંને માણસમાથી તમને ક્યો માણસ વધારે મૂરખ લાગે છે ? કેમ ?

જ) સોનાની વીંટીવાળો અને હીરાની વીંટીવાળો આ બંને માણસમાથી મને હીરાની વીંટીવાળો માણસ વધારે મૂરખ લાગે છે, કારણ કે એ મૂરખને એટલી સમજ નથી કે આકાશમાનાં વાદળની નિશાની રાખી શકાય નહિ, કારણ કે વાદળ સ્થિર રહી શકે નહિ.

4) બીરબલે કુલ કેટલા મૂરખ શોધ્યા? ક્યાં ક્યાં?

જ) બીરબલે કુલ છ મૂરખાઓ શોધ્યા 1. ઘોડેસવાર, 2. કાદવમાં પડેલો માણસ 3. સોનાની વીંટી શોધતો માણસ 4. હીરાની વીંટી શોધતો માણસ 5. બીરબલ પોતે 6. અકબર

## <u>વ્યાકરણ</u>

## નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વાંક | = | અપરાધ | 2) | ટકોર | = | ઠપકો |
| 3) | આઘે | = | દૂર | 4) | આશ્ચર્ય | = | નવાઇ |
| 5) | ઝાલવું | = | પકડવું | 6) | ગોતવું | = | શોધવું |

## નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હોશિયાર | X | ઠોઠ | 2) | અઘરું | X | સહેલું |
| 3) | જૂનું | X | નવું | 4) | નિરાશા | X | આશા |
| 5) | નબળું | X | સબળું | 6) | અંધારું | X | અજવાળું |

## નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | ઘોડા ઉપર સવારી કરનાર | : | ઘોડેસવાર |
| 2) | ઘાસ વગેરે એકઠાં કરી બાંધેલો જથ્થો | : | ભારો |

નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

**1)** સંપર્ક , પ્રયત્ન , ઈજા , ટોળું , ટૂંકું

જ) ઈજા , ટૂંકું , ટોળું , પ્રયત્ન , સંપર્ક